| | | | |
|---|---|---|---|
| ફરીયાદ રજુ થયા તા. | ૦૪/૧૦/૨૦૨૪ | | |
| ફરીયાદ નોંધ્યા તા. | ૦૪/૧૦/૨૦૨૪ | | |
| ફેસલ કર્યા તા. | ૨૪/૦૩ /૨૦૨૬ | | |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | | | |

==========================================================

**મે. ત્રીજા એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, સુરેન્દ્રનગર.**

==========================================================

**ક્રિમીનલ કેસ નં.: ૩૫૫૦/૨૦૨૪**

**આંક :**

**ફરીયાદી:** શ્રી રામ ફાયનાન્સ લી.ના પાવર ઓફ એટર્ની હોલ્ડર
શ્રી નિશારઅહેમદ ગુલામઅહેમદ શેખ
ઠે.શ્રીજી હોસ્પીટલ,૨૦,ફર્સ્ટ ફલોર,
ભાગવત કોમ્પ્લેક્ષ, મેઈન રોડ,ગુરૂકુળ સામે,
ધ્રાંગધ્રાં શાખા, સુરેન્દ્રનગર.

**વિરુધ્ધ**

**આરોપી:** સજ્જાદભાઈ મુસ્તુફાભાઈ શેખ
મુ.બાજપાઈ નગર, પાટડી,સુરેન્દ્રનગર.

**ગુન્હો : ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ**

---

ફરીયાદ પક્ષ તરફે : વિધ્વાન વકીલ શ્રી આર.એમ.જોષી
આરોપી પક્ષ તરફે : વિધ્વાન વકીલ શ્રી એન.જી.કુરેશી

---

**– ચુ કા દો –**

**(૧) પ્રસ્તાવના:**

ફરિયાદીએ આરોપીઓ વિરૂધ્ધ હાલની ફરિયાદ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૩૮ મુજબ કરેલ છે.

**(૨) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત:**

૨.૧) ફરીયાદી ઉપરોકત જણાવેલ સરનામે શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કં લી. કે જે ધી કંપનીઝ એકટ ૧૯૫૬ હેઠળ નોંધાયેલ કંપની છે અને જેનું તા.૦૯/૧૧/૨૦૨૨ ના રોજ ના એન.સી.એલ.ટી. ના ઓર્ડર મુજબ શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ

કંપની લી. નું નામ હવે પછી થી શ્રી રામ ફાયનાન્સ લીમીટેડ છે, તથા ફરીયાદી કંપની જુના તથા નવા થ્રી વ્હીકલ, જુની તથા નવી ગાડીઓ, ટ્રક, ટ્રેકટર, મશીનરી તથા કોર્મશીયલ વ્હીલર ની ખરીદી માટે તથા ફરીયાદી કંપની આવા વાહનો ઉપર અન્ય રીતે પણ ધીરાણ આપવાનું કામ કરે છે.ફરીયાદી પોતાના આ વ્યવસાયની સમગ્ર દેશમાં જુદી જુદી શાખાઓ ધરાવે છે, જે પૈકી એક શાખા સુરેન્દ્રનગર મુકામે આવેલ છે,

૨.૨) આ કામના તહોમતદારને ASHOK LEYLAND AL 3118 IL FBT ગાડી જેનો નં. GJ01HT–9745 ઉપર પૈસાની જરૂરીયાત હોય, જેથી આ કામના તહોમતદારે ફરીયાદી કંપની નો સંપર્ક કરતા ફરીયાદી કંપનીએ આ કામના તહોમતદારને તેમની જરૂરીયાત મુજબ નું ધીરાણ આપેલ અને જે ધીરાણ આ કામના તહોમતદારે ફરીયાદી કંપની એ જણાવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાની શરતે સ્વીકારેલું. સદર ધિરાણ મેળવતી વખતે આ કામના તહોમતદારે ફરીયાદીને મેળવેલ ધીરાણની રકમ નિયત કરેલ સમયમાં નિયત કરેલ વ્યાજે તથા ખર્ચ સહિતની રકમ નિયત કરેલ રકમના નિયમીત રીતે માસિક હપ્તામાં ચુકવી આપવાનું વચન, વિશ્વાસ અને ભરોસો આપેલ અને સદર ભરોસો આપતી વખતે આ કામના તહોમતદારે ફરીયાદી કંપની સાથે લેખિતમાં કરાર (એગ્રીમેન્ટ) પણ કરેલ. જે હકીકતથી આ કામના તહોમતદાર ખુબ જ સારી રીતે વાકેફ અને માહિતગાર છે

૨.૩) આ કામના તહોમતદાર ના લોન ખાતાની વિગત આ મુજબ છે: લોન ની તારીખ 22/07/2022, લોનનો પ્રકાર VEHICLE LOAN, લોન એકાઉન્ટ નંબર SURNGT207220001, લોન ની રકમ ૧૧,૩૦,૦૦૦/– આ કામના તહોમતદારે ફરીયાદી કંપની પાસે થી ધોરણસરના વ્યાજદરે લોન મેળવેલ છે અને જે નિયત કરેલ માસિક હપ્તામાં ચુકવવાની હતી, જે મુજબ આ કામના તહોમતદારે નિયમીત હપ્તાની રકમો નહીં ચુકવતા આ કામના તહોમતદાર ને ફરીયાદી કંપની મારફત વારંવાર ચડત રકમો ચુકવી જવા જણાવેલ, છતા પણ આ કામના તહોમતદારે એ ચુકવણું નહીં કરતા ફરીયાદી કંપની ને તેમની જાણ માં અને સમજ માં સદર વાહન રીપઝેસ કરવાની ફરજ પડેલ, ત્યારબાદ આ કામના તહોમતદારે સદર વાહન ચડત રકમો ચુકવી છોડાવેલ ન હોય, જેથી આખરે ફરીયાદી કંપની ને નિયમોનુસાર સદર વાહન વેંચાણ કરવાની ફરજ પડેલ, જૈ વેંચાણની મળેલ રકમ આ કામના તહોમતદારના સદર લોન એકાઉન્ટમાં જમા આપેલ છે, જેની આ કામના તહોમતદારને વિગતવારની નોટીસ થી જાણ

કરવામાં પણ આવેલ અને સાથે સાથે બાકી રહેતી રકમો વ્યાજ ખર્ચ ચુકવી જવા તાકીદ પણ કરવામાં આવેલ.

૨.૪) ફરીયાદી કંપની દવારા આ કામના તહોમતદારને બાકી રહેતી રકમની ચુકવણી કરી જવાનું અનેક વખત જણાવવામાં આવેલ, જેથી આ કામના તહોમતદારે ફરીયાદી કંપનીને લોન ની વ્યાજ સહીતની તા. 12/08/2024 સુધીની આઉટસ્ટેન્ડીંગ ચડત કુલ રકમ રૂ 8,38,402.96 /–(અંકે રૂપીયા આંઠ લાખ આડત્રીસ હજાર ચાર સો બે અને છન્નું પૈસા પુરાં) અનુક્રમે ચેક નં.૨૨૩૩૮૬ અને ૨૨૩૩૮૭ નો તા.૧૨/૦૮/૨૦૨૪નો સ્ટેટબે? કઓફ ઈન્ડિયા ચોકસી બજાર પાટડી શાખાનો ખાતા નં.૩૩૨૮૨૬૯૭૬૩૮ના રકમ રૂ.૨,૩૦,૦૦૦/– અને ૪,૮૨,૭૮૭/– ના આપેલ.

સદર ઉપરોકત દર્શાવેલ વિગતો વાળા ચેંકસમાં સજાદભાઈએ તમામ વિગતો તેમની જાતે ભરીને તેમની સહી કરેલ છે અને આ સદર આ ચેકસ ફરીયાદીને આપેલ અને સાથે એ વચન આપેલ કે ચેકસ જેવા ફરીયાદી વસુલાત અર્થે રજુ કરશું એટલે તરત જ વસુલ થઈ જશે તેવી ખાત્રી પણ આપેલ પરંતુ સદરહુ ચેકસ ફરીયાદીએ આ કામના તહોમતદારની સુચના મુજબ તેઓની એકસીસ બેંક લી. સુરેન્દ્રનગર શાખામાં રજુ કરતા સદરહું ચેકો ફંડસ ઈનસફીશીયન્ટ ના શેરાં સાથે તા.૧૬/૦૮/૨૦૨૪ના રોજ પરત આવેલ.

આ કામના તહોમતદારે જાણીબુઝીને ફરીયાદીની સાથે છેતરપીડી, વિશ્વાસઘાત ધી નેગોશીયબેલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના ગંભીર ગુન્હોઓ સુરેન્દ્રનગર મધ્યે બદઈરાદા પૂર્વક કરેલ છે. જેથી ફરીયાદી કંપનીએ તેઓના પેનલ એડવોકેટ મારફત તા. ૩૦/૦૮/૨૦૨૪ ના રોજ રજી. એડી. નોટીસ આપેલ, જે તહોમતદારને ધોરણસર રીતે બજી ગયેલ છે છતા તહોમતદારે ફરીયાદી કંપની ની બાકી નીકળતી લેણી રકમ રૂ. 2,30,000/– (અંકે રૂપીયા બે લાખ ત્રીસ હજાર પુરાં) તથા રૂ.4,82,787/– (અંકે રૂપીયા ચાર લાખ બ્યાંસી હજાર સાત સો અને સત્યાસી પુરાં) મળી કુલ રકમ રૂ.7,12,787/– (અંકે રૂપીયા સાત લાખ બાર હજાર સાત સો સત્યાસી પુરાં) આજ દીન સુધી ચુકવેલ નથી અને કાયદેસરની સાચી નોટીસ નો કોઈ જવાબ પણ આપેલ નથી. જેથી ફરીયાદીને ફરીયાદી કપની વતી ફરીયાદ દાખલ કરવાનું કારણ ઉત્પન્ન થયેલ છે.

૨.૫) આ કામના તહોમદારને સરદ વિગતવાળા ચેકની બમણી રકમ નો દંડ તથા સખત કેદ ની કાયદા અનુસાર પુરેપુરી સજા કરવા ન્યાયના હિતમાં હુકમ મહેરબાની કરશોજી.ન્યાય તથા ઈકવીટીના ધોરણે મળવાપાત્ર તમામ દાદ અમોને અપાવવા ન્યાયના હિતમાં હુકમ કરવા મહેરબાની કરશોજી.

**(૩) કેસની કાર્યવાહી:**

ફરિયાદીએ તા.૦૪/૧૦/૨૦૨૪ ના રોજ ફરિયાદ કરતા મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ તા. ૦૪/૧૦/૨૦૨૪ ના રોજ ફરિયાદીનું ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૦ મુજબ વેરીફીકેશન નોંધી ફરિયાદીની ફરિયાદ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવા તથા આરોપી વિરૂધ્ધ ધી નેગોશિયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટ કલમ–૧૩૮ મુજબના ગુના મુજબ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૪ અનવયે સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ. સદર સમન્સ આરોપીને ધોરણસર બજી જતા આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં તહોમતદારના કેસની નકલો મળી ગયા ની ખાત્રી કરી મારા પુરાગામી ન્યાયાધીશશ્રીએ આંક–૦૮ થી તા ૩૦ /૦૧ /૨૦૨૫ ના રોજ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ. જેમાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા કેસની આગળની કાર્યવાહી કરવામાં આવેલ.

(૪) સદર કામે કેસની હકિકતના આધારે ફરિયાદીપક્ષનો કેસ,આરોપીઓના બચાવ તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લેતાં આ કામે કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થયેલ છે.

૧.) શુ ફરિયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, ફરિયાદીએ આરોપીને આપેલ માલના કાયદેસરના લેણા પેટે આરોપીએ તેઓની સહી કરીને આપેલ ચેક જે બેંકમાં ભરતાં, જે ચેક પરત ફરતાં આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ: ૧૩૮ અન્વયે નો ભંગ કરી શિાક્ષાપાત્રને ગુન્હો કરેલ છે?

૨.) શુ હુકમ ?

(૫) ઉપરોકત મુદાઓના ન્યાયીક નિર્ણયનાં કારણો નીચે મુજબ છે.

૧.) નકારમાં

૨.) આખરી હુકમ અનુસાર

(૬) સદર કામે ફરિયાદપક્ષે તરફે આરોપીઓ વિરુધ્ધ ગુનો પુરવાર કરવા માટે કેવો અને કેટલા પ્રકારનો પુરાવો રજુ કરેલ છે તેનો ઉલ્લેખ કરવો આવશ્યક છે જે જોવું જરૂરી છે.જે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**ફરિયાદપક્ષે મૌખિક પુરાવો:**

| ક્રમ | સાહેદનુ નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧ | નિશારઅહેમદ ગુલામઅહેમદશેખ ની સોગંદપરની સરતપાસ | ફરિયાદી | ૦૪ |

**(૫) ફરિયાદપક્ષે દસ્તાવેજી પુરાવો:**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી કંપનીનું રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ | ૧૫ |
| ૨ | એન.સી.એલ.ટી.નો ઓર્ડર | ૧૬ |
| ૩ | ફરીયાદીને આપવામાં આવેલ પાવરનામાની નકલ | ૧૭ |
| ૪ | તહોમતદારના લોન ખાતાનું સ્ટેટમેન્ટ | ૧૮ |
| ૫ | તહોમતદારે આપેલ ચેક – ૨ | ૧૯ |
| ૬ | ચેક રીટર્ન મેમો–૨ | ૨૦ |
| ૭ | ફરીયાદીએ તેમના વકીલ મારફત તહોમતદારને આપેલ નોટીસ | ૨૧ |
| ૮ | નોટીસ મોકલ્યા અંગેની પોસ્ટલ ખાતાની પાવતી | ૨૨ |
| ૯ | નોટીસ બજી ગાયનો ઓનલાઈન ટ્રેક રીપોર્ટ | ૨૩ |
| ૧૦ | લોન એપ્લીકેશન ફોર્મ | ૩૨ |
| ૧૧ | કો.એપ્લીકેન્ટની લોન એપ્લીકેશન | ૩૩ |
| ૧૨ | હાઈપોથીકેશન કમ લોન એગ્રીમેન્ટ | ૩૪ |
| ૧૩ | ફાઈનલ ડેટાશીટ | ૩૫ |
| ૧૪ | ઈન્સ્યોરેન્સ પોલીસી | ૩૬ |
| ૧૫ | આર.ટી.ઓ સર્ટીફીકેટ | ૩૭ |
| ૧૬ | પ્રી સેલ નોટીસ | ૩૮ |
| ૧૭ | પોસ્ટ સેલ નોટીસ | ૩૯ |
| ૧૮ | કલોઝીંગ પુરશીશ | ૪૧ |

(૬) આરોપી પક્ષ તરફે મૌખીક કે દસ્તાવેજી પુરાવા રજુ રાખવામાં આવેલ નથી.

(૭) ત્યારબાદ આરોપીઓનું સી.આર. પી.સી. કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે તેમાં તેઓએ નિર્દોષ હોવાની હકીકત જણાવેલ છે. આરોપી બચાવના સાહેદો તપાસવા માંગતા નથી કે સોગંદ પર જુબાની આપવા માંગતા નથી તેમ જણાવેલ છે. આરોપીએ ફરિયાદપક્ષનો કેસ નકારી કાઢેલ છે. તેઓએ વિ શેષમાં જણાવેલ છે કે, ફરીયાદીને લોન પેટેની રકમ અમોએ પરત કરેલ છે. અમોની ગાડી વધારે કિંમતમાં વેચી જેથી અમારા જમા રૂપિયા તેઓ પાસે માંગતા અમોના લોન દરમિયાનના ચેકો તેઓ પાસે હોઈ તેનો દુરઉપયોગ કરી ખોટા પુરાવા ઉભા કરી ખોટો કેસ કરેલ છે. અમો ખરેખર નિર્દોષ છીએ. ત્યારબાદ સી.આર.પી.સી કલમ: ૩૧૪ મુજબ ઉભયપક્ષે વિ.વકીલશ્રી ની દલીલો સાંભળવામાં આવી.

**૮.) દલીલો:**

૮.૧) આ કામે ફરિયાદપક્ષ તર્ફે રજુઆત છે કે, આ કામના આરોપીનાઓ તેઓની વ્હીકલ લોન લીધેલ છે. જે લગત તેઓએ કાયદેસરના લેણા પેટે ફરિયાદીને ચેક આપેલ. જે ચેક ફરિયાદીએ બેંકમાં ભરતાં પરત ફરેલ. જેથી હાલની ફરિયાદ કરેલ છે. આમ,આરોપીએ કાયદેસરના લેણા પેટેનો ચેક પરત ફરેલ હોય ધી નેગોશીયેબલ ઈનસ્ટુમેન્ટ એકટ અન્વયે હાલની ફરિયાદ કરેલ છે. આરોપી વિરુધ્ધ ગુનો પુરવાર થાય છે. જેથી તેઓને સજા કરવા તથા ફરિયાદીને વળતર અપાવવા માટે અરજ કરેલ છે.

૮.૨) આ કામે આરોપી તર્ફે આંક–૪૩ થી લેખિત દલીલ રજુ કરેલ છે.જેમાં જણાવેલ છે કે આરોપીનુ કોઈ દેવુ નથી. ફરિયાદીએ આરોપીના ચેકનો ખોટી રીતે દુરપ્રયોગ કરેલ છે. આરોપીને જાણ બહાર ભરીને ખોટી રીતે હેરાન કરવા માટે હાલની ફરિયાદ કરેલ છે. આ કામે ફરિયાદીએ અમારુ વાહન પરત લઈ તેની હરાજી કરી વેચી નાંખેલ છે.ફરિયાદ દ્વારા સદર કેસ આરોપીનું કાયદેસરનું લેણુ પુરવાર કરી શકેલ નથી. આમ, ફરિયાદી પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય આરોપી ને નિર્દોષ ઠરાવી છોડી મુકવા માટે અરજ કરેલ છે.

**–:: કા ર ણો::–**

**૯.) જનરલ સિધ્ધાંત:-**

ફોજદારી ફરિયાદમાં સાબિત કરવા માટેના પાયાનો સિધ્ધાંત એવો છે કે, જે ગુન્હો કર્યાનો આક્ષેપ હોય તે ગુન્હો આરોપી દ્વારા કરવામાં આવ્યો છે કે કેમ? તે શંકારહીત પુરવાર કરવાની જવાબદારી સામાન્ય રીતે ફરિયાદપક્ષની હોય છે. જયારે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ: ૧૩૯ અને ૧૧૮ મુજબ ફરિયાદીની તરફેણમાં કેટલાક અનુમાનો કાયદા મુજબ કરવાના થાય છે. જે અનુમાનો વિરુધ્ધની હકિકતો સાબિત કરવાની જવાબદારી આરોપીની રહેછે. તે મુળભુત પાયાનો સ્થાપિત સિધ્ધાંતને ધ્યાને રાખીને નીચે મુજબ ચર્ચા કરવામાં આવે છે.

**10.) <u>Ingredients of the offence u/s 138 of NI Act</u>**

આ તબકકે કેસના ગુણદોષ ઉપરની ચર્ચા કરતાં પહેલાં, નામદાર એપેકસ કોર્ટએ કેટલાક કેસમાં ઠરાવેલ માર્ગદર્શક સિધ્ધાંત જોવા આવશ્યક છે. તેમજ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની અન્વયે જે આવશયક તત્વો નીચે મુજબ છે.

10.1) Hon'ble Apex Court has in case of **Jugesh Sehgal Vs. Shamsher Singh Gogi reported in AIR 2009 SC Spp. 2022** held that to constitute an offence under Section 138 of the Act, the certain ingredients are required to be fulfilled, which reads as under;

> *"9. It is manifest that to constitute an offence under Section 138 of the Act, the following ingredients are required to be fulfilled:*
>
> *(i) a person must have drawn a cheque on an account maintained by him in a bank for payment of a certain amount of money to another person from out of that account;*
>
> *(ii) The cheque should have been issued for the discharge, in whole or in part, of any debt or other liability;*
>
> *(iii) that cheque has been presented to*

*the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity whichever is earlier;*

*(iv) that cheque is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of the account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with the bank;*

*(v) the payee or the holder in due course of the cheque makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, within 15 days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid;*

*(vi) the drawer of such cheque fails to make payment of the said amount of money to the payee or the holder in due course of the cheque within 15 days of the receipt of the said notice;*

*10. Being cumulative, it is only when all the afore-mentioned ingredients are satisfied that the person who had drawn the cheque can be deemed to have committed an offence under Section 138 of the Act."*

10.2 In the case of the **(2018) 13 SCC 663 N Harihar Krishnan Vs. J. Thomas...**

*23. The scheme of the prosecution in punishing under Section 138 of THE ACT is different from the scheme of the CrPC.*

*Section 138 creates an offence and prescribes punishment. No procedure for the investigation of the offence is contemplated. The prosecution is initiated on the basis of a written complaint made by the payee of a cheque. Obviously such complaints must contain the factual allegations constituting each of the ingredients of the offence under Section 138. Those ingredients are: (1) that a person drew a cheque on an account maintained by him with the banker; (2) that such a cheque when presented to the bank is returned by the bank unpaid; (3) that such a cheque was presented to the bank within a period of six months from the date it was drawn or within the period of its validity whichever is earlier; (4) that the payee demanded in writing from the drawer of the cheque the payment of the amount of money due under the cheque to payee; and (5) such a notice of payment is made within a period of 30 days from the date of the receipt of the information by the payee from the bank regarding the return of the cheque as unpaid. It is obvious from the scheme of Section 138 that each one of the ingredients flows from a document which evidences the existence of such an ingredient. The only other ingredient which is required to be proved to establish the commission of an offence under Section 138 is that inspite of the demand notice referred to above, the*

*drawer of the cheque failed to make the payment within a period of 15 days from the date of the receipt of the demand. A fact which the Complainant can only assert but not prove, the burden would essentially be on the drawer of the cheque to prove that he had in fact made the payment pursuant to the demand.*

10.3) From above judgments following ingredients are required to be proved to establish the offence under Section 138 of the NI Act.:-

(i) Drawing of cheques by Respondents-accused.

(ii) Cheques issued for debts or liabilities

(iii) Presentation of cheques during validity period

(iv) Dishonour on presentation

(v) Issuance of notice

(vi) Failure of payment of cheques amount

૧૧.) **(I) Drawing of cheques by Respondents-accused./આરોપી દ્વારા ચેક લખવામાં આવેલ હતો.)**

ફરિયાદીની ફરિયાદ, સરતપાસ, તથા નોટીસ તેમજ પક્ષકારો દ્વારા રજુ થયેલ દસ્તાવેજી પુરાવો, બિનતકરારી/સ્વીકૃત હકિકતોને જોતાં, જે નીચે મુજબ છે.

| Sr. | Cheque no. | Amount | Date | Exh. | Drawan on |
|---|---|---|---|---|---|
| 1. | 223386 | 2,30,000/- | 12/08/24 | 19 | STATE BANK OF INDIA PATDI BRANCH |
| 2. | 223387 | 4,82,787/- | 12/08/24 | | STATE BANK OF INDIA PATDI BRANCH |

૧૧.૧) આ કામે ફરિયાદી શ્રી રામ ફાઈનાન્સ લી. વતી ઓથોરાઈઝ પર્સન તરીકે શ્રી નિશારઅહેમદ ગુલામઅહેમદ શેખની આંક: ૦૪ ની સોગંદ પરની સરતપાસ જોતાં તેમાં જણાવેલ છે કે,

આ કામે ફરિયાદી નિશારઅહેમદ ગુલામઅહેમદ શેખની આંક–૦૪ ની સોગંદપરની સરતપાસ જોતા તેમાં જણાવેલ છે કે,

ફરિયાદી શ્રીરામ ફાઈનાન્સ લી. કંપની પાસેથી આ કામના આરોપીએ ASHOK LEYLAND AL 3118 IL FBT ગાડી જેનો નં. GJ01HT–9745 ઉપર પૈસાની જરૂરિયાત હોય લોન લીધેલ. તહોમતદારે ફરિયાદીની બાકી નીકળતી પુરેપુરી લેણી રકમ ચુકવી આપવા એસ.બી.આઈ , પાટડી શાખાના ખાતા નં.૩૩૨૮૨૬૯૭૬૩૮ નો ચેક નં. ૨૨૩૩૮૬ તા.૧૨/૦૮/૨૦૨૪ ના રોજનો રૂ.૨,૩૦,૦૦૦/–(અંકે રૂપિયા બે લાખ ત્રીસ હજાર) પુરાનો તથા એસ.બી.આઈ , પાટડી શાખાના ખાતા નં.૩૩૨૮૨૬૯૭૬૩૮ નો ચેક નં. ૨૨૩૩૮૭ તા.૧૨/૦૮/૨૦૨૪ ના રોજનો રૂ.૪,૮૨,૭૮૭/–(અંકે રૂપિયા ચાર લાખ બ્યાંશી હજાર સાંતસો સત્યાંસી) વાળા બે ચેકો લખી આપેલ.

**૧૧.૨)** આમ, ઉપરોકત ફરિયાદીએ ચેકના આવશ્યક તત્વો પુરાવા અધિનિયમની જોગવાઈ અનુસંધાને પુરવાર કરેલ છે.આમ,ફરિયાદીએ સદર કામે આરોપીને આપેલ લોન ની રકમ પૈકી આરોપીએ તેની સહીવાળો ચેક ફરિયાદીને આપેલાની હકિકત પુરવાર થાય છે.

The ratio laid down by the Hon'ble Supreme Court in case of **Bir Singh vs Mukesh Kumar reported in (2019) 4 SCC 197**.

37. A meaningful reading of the provisions of the Negotiable Instruments Act including, in particular, Sections 20, 87 and 139,makes it amply clear that a person who signs a cheque and makes it over to the payee remains liable unless he adduces evidence to rebut the presumption that the cheque had been issued for payment of a debt or in discharge of a liability. It is immaterial that the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is duly signed by the drawer. If the cheque is otherwise valid, the penal provisions of Section 138 would be attracted.

38. If a signed blank cheque is voluntarily presented to a payee,towards some payment, the payee may fill up the amount and other particulars. This in itself would not invalidate

the cheque. The onus would still be on the accused to prove that the cheque was not in discharge of a debt or liability by adducing evidence.

40. Even a blank cheque leaf, voluntarily signed and handed over by the accused, which is towards some payment, would attract presumption under Section 139 of the Negotiable Instruments Act, in the absence of any cogent evidence to show that the cheque was not issued in discharge of a debt.

**૧૧.૩)** આમ, આરોપીએ ફરીયાદીને એસ.બી.આઇ , પાટડી શાખાના ખાતા નં.૩૩૨૮૨૬૯૭૬૩૮ નો ચેક નં. ૨૨૩૩૮૬ તા.૧૨/૦૮/૨૦૨૪ ના રોજનો રૂ.૨,૩૦,૦૦૦/–(અંકે રૂપિયા બે લાખ ત્રીસ હજાર) પુરાનો તથા એસ.બી.આઇ , પાટડી શાખાના ખાતા નં.૩૩૨૮૨૬૯૭૬૩૮ નો ચેક નં. ૨૨૩૩૮૭ તા.૧૨/૦૮/૨૦૨૪ ના રોજનો રૂ.૪,૮૨,૭૮૭/–(અંકે રૂપિયા ચાર લાખ બ્યાંશીહજાર સાંતસો સત્યાંસી) પુરાના ચેકો લખી આપેલ છે તે હકીકત પુરવાર થયેલ છે.

**૧૨.(iii) Presentation of cheques during validity period &**

**(iv) Dishonour on presentation.**

આ કામે ફરિયાદી નિશારઅહેમદ ગુલામઅહેમદ શેખની આં ક–૦૪ ની સોગંદપરની સરતપાસ જોતા તેમાં જણાવેલ છે કે તહોમતદાર ધ્વારા તેઓ ફરિયાદીને આપેલ ચેક ફરિયાદીએ ''એકસીસ બેંક લી.'', સુરેન્દ્રનગર શાખાના ખાતામાં તા. ૧૨/૦૮/૨૦૨૪ ના રોજ જમા કરાવતા તા. ૧૬/૦૮/૨૦૨૪ ના રોજ ''ફંડસ ઈન્સફીસિયન્ટ'' ના શેરા સાથે પરત ફરેલો. જે વિગત નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| **1** | **Exhibit no. of cheque** | **Exh-19 (combine exhibit** |
| **2** | **Cheque no.** | **223387 and 223386** |
| **3** | **Drawn on Bank** | **STATE BANK OF INDIA, PATDI** |
| **4** | **Date on cheque** | **12/08/2024** |
| **5** | **Amount** | **4,82,787/- And 2,30,000/-** |
| **6** | **Date on presentation** | **16/08/24** |
| **7** | **Presented in Bank** | **AXIS BANK,** |

| | | |
|---|---|---|
| | | **SURENDRANAGAR** |
| **8** | **Date of return** | **16/08/2024** |
| **9** | **Cause of return** | **FUNDS INSUFFICIENT** |
| **10** | **Exh.no.of return memo** | **Exh-19** |
| **11** | **Validity period** | **3 month from date of cheque** |

૧૨.૧) સદર કામે ફરિયાદી નિશારઅહેમદ ગુલામઅહેમદ શેખની આ –૦૪ જુબાની જોતાં જણાવેલ છે કે, આ કામે આરોપીએ કાયદેસરના લેણાં પેટે ચેક આપેલ. તે આંક:૧૯ વાળો ચેક નં.૨૨૩૩૮૭ અને ચેક નં.૨૨૩૩૮૬ ભારતીય સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનો તા.૧૨/૦૮/૨૦૨૪ની તારીખનો આપેલ છે. જેમાં આરોપીની સહી લગત કોઈ તકરાર નથી. જે ચેકો ફરિયાદીએ તેઓની બેંકમાં ભરતાં તા.૧૬/૦૮/૨૦૨૦ નારોજ રીટર્ન થયેલ છે.જે ફંડ ઈન્સફીશિયન્ટના શેરા સાથે રીટર્ન થયેલ છે.જે લગત રીટર્ન મેમો આંક:૨૦ થી રજુ છે. તેમજ ચેક લખાયા તે તારીખથી ત્રણ મહીનાની વેલીડીટી લગત છે. જે અંગે તકરાર નથી. બેંકની સ્લીપ રીટર્નમેમો જે રજુ કરેલ છે.તે લગત કોઈ તકરાર નથી.

૧૨.૨) આ કામે બેંકની સ્લીપ જે નેગોશીયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એકટની કલમ :૧૪૬ તળે પ્રસ્તુત હકિકત છે.

**Section 146. Bank's slip prima facie evidence of certain facts.**

*The Court shall, in respect of every proceeding under thisChapter, on production of bank's slip or memo having thereonthe official mark denoting that the cheque has been dishonoured, presume the fact of dishonour of such cheque, unless and until such fact is disproved.*

૧૩) આમ,સદર કામે ફરિયાદીની આંક:૪ની મૌખિક પુરાવો અને તે સાથે રજુ કરેલ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લેતાં, આ કામે ફરિયાદીએ એ હકિકત પુરવાર કરેલ છે કે, આરોપીએ આપેલ ચેક નિયત સમયમર્યાદામાં બેંકમાં રજુ થયેલ છે.

૧૪.) **(v) Issuance of notice:**

૧૪.૧) આ કામે ફરિયાદી નિશારઅહેમદ ગુલામઅહેમદ શેખની આં ક–૦૪ ની સોગંદ પરની સરતપાસ જોતાં તેમાં જણાવેલ છે કે, અમો ફરીયાદીએ તા. ૩૦/૦૮/૨૪ ના રોજ આરોપીઓને ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ ૧૩૮ મુજબ રજી. એડી થી નોટીસ આપેલી. જે આંક–૨૨ થી રજુ કરેલ છે. આ કામના તહોમતદારને નોટીસ કર્યા અંગેની પોસ્ટ ખાતા તરફથી આપવામાં આવેલ આરોપીને નોટીસ બજી ગયાનું ટ્રેક કન્સાઈન્મેન્ટ રજુ કરેલ છે જે આંક–૨૩ થી રજુ કરેલ છે. આ કામના આરોપીએ નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. જે નીચે મુજબ છે.

| Sr. | Description | Date | Exh |
|---|---|---|---|
| 1 | return of cheque from bank | 16/08/24 | 20 |
| 2 | Demand Notice | 30/08/24 | 21 |
| 3 | Register AD window Slip | 30/08/24 | 22 |
| 4 | Acknowledgement | ----------- | --- |
| 5 | net tracking report | 02/09/24 | 23 |

૧૪.૨) સદર કામે ફરિયાદી તર્ફે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો જોતાં, આ કામે આરોપીએ ફરિયાદીને આપેલ ચેકના અનુસંધાને, ફરિયાદીએ ચેક બેંકમાં ડીપોઝીટ કરતાં, જે ચેક પરત ફરેલ છે. જે લગત ફરિયાદીએ બેંકનો રીટર્ન મેમો રજુ કરેલ છે. તેમજ સદર ચેક રીટર્ન સંબંધે આરોપીને ફરિયાદીએ નોટીસ આપેલ છે. જે નોટીસ આરોપી બજી ગયેલ છે. તે લગતની નેટ ટ્રેક રીર્પોટ રજુ કરેલ છે. જે નોટીસ આ કામે આરોપીને બજી ગયા દસ્તાવેજ સદર કામે રજુ કરેલ છે. વધુમાં આરોપીને નોટીસ નહી બજ્યાની તકરાર નથી.

૧૫.) **(ii) Cheques issued for debts or liabilities & (vi) Failure of payment of cheques amount**

૧૫.૧) આ કામે ફરિયાદીના વિ.વ.શ્રી રજુઆત છે કે, સદર કામે આરોપીનાએ સદર લેણી રકમ સબબ ચેક આપેલ છે. જેમાં તેઓની સહી લગત કોઈ તકરાર નથી. આમ, ફરિયાદી જે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ અનુસંધાને આરોપી દ્વારા આપેલ ચેક હોલ્ડર ઈનડયુકોર્સમાં અનુમાન કરવાનું રહે કે જે ચેક કાયદેસરના લેણા સંબંધિત આપેલ છે. વધુમાં ચેક ઉપર આરોપીની સહી લગતની બિનતકરાર અને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની

કલમ:૧૩૯ અન્વયે થતા કાયદાકીય અનુમાન (Presumption under the law) ફરિયાદીએ પોતાનું પ્રથમ પુરાવાનો બોજો સાબિત કરેલ છે કે, આરોપીએ આપેલ ચેક જે કાયદેસરના લેણા પેટે આપેલ છે. વધુમાં ધી નેગોશિયેબલ ઈનસટ્રુમેન્ટ એકટની કલમ:૧૧૮ અને ૧૩૯ના અનુમાનો જે ખંડનાત્મક અનુમાનો છે. પરંતુ જે લગત આધારભુત પુરાવો રજુ કરીને જે અનુમાનોનું ખંડન કરી શકાય. પરંતું આ કામે આરોપી તર્ફે એવો કોઈ આધારભુત દસ્તાવેજ રજુ કરેલ નથી. જે લગત સદર કાયદાકીય અનુમાનો ખંડન કરેલ હોય.

૧૬.) In the case of **(2019) 4 SCC 197 in case of Bir Singh vs Mukesh Kumar.**

> *21. In passing the impugned judgment and order dated 21-11-2017, the High Court mis-construed Section 139 of Negotiable Instruments Act, which mandates that unless the contrary is proved, it is to be presumed that the holder of a cheque received the cheque of the nature referred to in Section 138, for the discharge, in whole or in part, of any debt or other liability. Needless to mention that the presumption contemplated under Section 139 of the Negotiable Instruments Act, is a rebuttable presumption. However, the onus of proving that the cheque was not in discharge of any debt or other liability is on the accused drawer of the cheque.*
>
> *22. In Hiten P. Dalal vs. Bratindranath Banerjee (2001) 6 SCC 16), this Court held that both Section 138 and 139 require that the Court shall presume the liability of the drawer of the cheques for the amounts for which the cheques are drawn. Following the judgment of this Court in State of Madras vs. Vaidyanatha Iyer (AIR 1958 SC*

*61), this Court held that it was obligatory on the Court to raise this presumption.*

*23. Section 139 introduces an exception to the general rule as to the burden of proof and shifts the onus on the accused. The presumption under Section 139 of the Negotiable Instruments Act is a presumption of law, as distinguished from presumption of facts. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, which requires the prosecution to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law and presumptions of fact unless the accused adduces evidence showing the reasonable possibility of the non-existence of the presumed fact as held in Hiten P. Dalal (supra).*

*24. Presumption of innocence is undoubtedly a human right as contended on behalf of the Respondent-accused, relying on the judgments of this Court in Ranjitsing Brahmajeetsing Sharma vs. State of Maharashtra and Anr (2005) 5 SCC 294 and Rajesh Ranjan Yada @ Pappu Yadav vs. CBI through its Director (2007) 1 SCC 70. However the guilt may be established by recourse to presumptions in law and presumptions in facts, as observed above.*

*25. In Laxmi Dyechem vs. State of Gujarat & Ors. (2012) 13 SCC 375, this Court reiterated that in view of Section 139, it has to be presumed that a cheque was*

*issued in discharge of a debt or other liability but the presumption could be rebutted by adducing evidence. The burden of proof was however on the person who wanted to rebut the presumption. This Court held however, this presumption coupled with the object of Chapter XVII of the Act leads to the conclusion that by countermanding payment of a post dated cheque, a party should not be allowed to get away from the penal provision of Section 138 of the Act.*

*26. In Kumar Exports vs. Sharma Carpets (2009) 2 SCC 513, this Court reiterated that there is a presumption that every negotiable instrument duly executed, is for discharge of a debt or liability, but the presumption is rebuttable by proving the contrary. In the facts and circumstances of the case it was found that the cheque in question was towards advance for purchase of carpets, which were in fact not sold by the payee of the cheque to the drawer, as proved from the deposition of an official of the Sales Tax Department, who stated that the payee had admitted that he had not sold the carpets.*

*27. In K.N. Beena vs. Muniyappan and Another (2001) 8 SCC 458, this Court held that in view of the provisions of Section 139 of the Negotiable Instruments Act read with Section 118 thereof, the Court had to presume that the cheque had been issued for discharging a debt or liability. The said presumption was rebuttable and could be*

*rebutted by the accused by proving the contrary. But mere denial or rebuttal by the accused was not enough. The accused had to prove by cogent evidence that there was no debt or liability. This Court clearly held that the High Court had erroneously set aside the conviction, by proceeding on the basis that denials/averments in the reply of the accused were sufficient to shift the burden of proof on the Complainant to prove that the cheque had been issued for discharge of a debt or a liability. This was an entirely erroneous approach. The accused had to prove in the trial by leading cogent evidence that there was no debt or liability.*

*36. The proposition of law which emerges from the judgments referred to above is that the onus to rebut the presumption under Section 139 that the cheque has been issued in discharge of a debt or liability is on the accused and the fact that the cheque might be post dated does not absolve the drawer of a cheque of the penal consequences of Section 138 of the Negotiable Instruments Act.*

17.) In the case of **AIR 2019 SC 1876 delivered in case of Rohitbhai Jivanlal Patel Vs State of Gujarat.** He relied upon Para 12, 14, 18, 19, which reads as under;

*12. For determination of the point as to whether the High Courtwas justified in reversing the judgment and orders of the Trial Court and convicting the appellant for the offence under Section 138 of the NI*

*Act, the basic questions to be addressed to are two- fold: as to whether the Complainant-Respondent No. 2 had established the ingredients of Sections 118 and 139 of the NI Act, so as to justify drawing of the presumption envisaged therein; and if so, as to whether the accused-appellant had been able to displace such presumption and to establish a probable defence whereby, the onus would again shift to the Complainant?*

*14. ...Therefore, it is required to be presumed that the cheques in question were drawn for consideration and the holder of the cheques i.e., the Complainant received the same in discharge of an existing debt. The onus, therefore, shifts on the accused-appellant to establish a probable defence so as to rebut such a presumption.*

*18. ...In this regard, significant it is to notice that apart from making certain suggestions in the cross-examination, the accused-appellant has not adduced any documentary evidence to satisfy even primarily that there had been some monetary transaction of himself with Shri Jagdishbhai.*

*19. ..The observations of the Trial Court that there was no documentary evidence to show the source of funds with the Respondent to advance the loan, or that the Respondent did not record the transaction in the form of receipt of even kachcha notes, or that there were inconsistencies in the statement of the Complainant and his*

*witness, or that the witness of the complaint was more in know of facts etc. would have been relevant if the matter was to be examined with reference to the onus on the complaint to prove his case beyond reasonable doubt. These considerations and observations do not stand in conformity with the presumption existing in favour of the Complainant by virtue of Sections 118 and 139 of the NI Act. Needless to reiterate that the result of such presumption is that existence of a legally enforceable debt is to be presumed in favour of the Complainant. When such a presumption is drawn, the factors relating to the want of documentary evidence in the form of receipts or accounts or want of evidence as regards source of funds were not of relevant consideration while examining if the accused has been able to rebut the presumption or not.*

૧૮.) આમ, ઉપરોકત નામદાર એપેકસ કોર્ટ ઠરાવેલ માર્ગદર્શક સિદ્ધાંત જોતાં, આરોપી ચેક ઉપર સહી જે બિનતકરારી બાબત છે, આ તબકકે એ અનુમાન કરવાનુ રહે કે, સદર આરોપીના દ્વારા આપવામાં આવેલ ચેક જે કાયદેસરના લેણાં પેટે આપેલ છે. વધુ જે સદર અનુમાન જે રીબેટેબલ (ખંડનાત્મક) અનુમાન છે. હવે સદર આરોપી ઉપર પુરાવાનો બોજો રહે છે કે, સદર ચેક જે કાયદેસરના લેણાં પેટેનો ન હતો. જે અનુમાન આધારભુત પુરાવા રજુ કરીને તેનુ ખંડન કરી શકાય છે.

વધુમાં આ કામે ફરિયાદીએ જે આરોપીનો ચેક રીટર્ન થતાં જે લગત આરોપીનાઓને નોટીસ આપેલ છે. ત્યારબાદ સદર કામે ફરિયાદી દાખલ કરેલ છે. જે લગત આરોપીએ ફરિયાદીની નોટીસનો જવાબ આપેલ નથી. વધુમાં આ કામે આરોપી તર્ફે ફરિયાદીની ઉલટતપાસમાં પણ એવો કોઈ બચાવ નથી.

* **<u>Appreciation of Submission/Defence of Accused side:</u>**

**૧૯.) સદર લોનનો વ્યવહાર અંગેની જાત માહીતી નથી.**

**૧૯.૧)** આ કામે આરોપી તર્ફે એવો બચાવ છે કે**,**આ કામે ફરિયાદીને લોનના વ્યવહાર અંગે માહિતી નથી.

૧૯.૨) આ કામે ફરિયાદીની ઉલટતપાસ જોતાં જણાવેલ છે કે**,** હું આ કંપનીમાં કલેકશન મેનેજર તરીકે ફરજ બજાવું છું.એ વાત ખરી છે કે,લોન કેટલા હપ્તામાં ભરપાઈ કરવાની હતી તેનો વ્યાજદર શું હતો તે ફરિયાદમાં જણાવેલ નથી.એ હું કહી શકુ નહિ કે આરોપીને આપેલ લોન કયા ખાતામાં સરભર કરેલી.મને એ વાત યાદ નથી કે આરોપીને આપેલ લોન અમારી કંપનીનાં કયા ખાતામાંથી આપેલી.એ વાત ખરી છે કે લોન એપ્લીકેશનમાં પાના નંબર ૧ થી ૬માં લોન ધરકની સહી નથી.

૧૯.૩) સબબ કામે ઉપરોકત ફરિયાદી તથા આરોપી દ્વારા રજુ થયેલ પુરાવાનુ ગુણાંત્મક મુલ્યાંકન કરતાં**, સદર કામે હાલના ફરિયાદીને કંપની અને આરોપી સાથેના જે નાણાંકીય વ્યવહાર થયેલ છે તે લગત તેઓને કોઈ પર્સનલ નોલેજ નથી.લોનનો કરાર કંપની અને આરોપી વચ્ચે થયેલ છે.એગ્રિમેન્ટ થયેલ તયારે આ કામના પાવર ઓફ એટર્ની હાજરીમાં થયેલ હોય તે હકિકત રેકર્ડ પર લાવેલ નથી. આ કામે ફરિયાદી કંપની વતી જુબાની આપે છે તે પોતાના પર્સનલ નોલેજ કે (જે તેની રૂબરૂ વ્યવહાર થયેલ નથી) તે લગતની જુબાની આપવા માટે સક્ષમ નથી.** આમ**,** સદર કામે ફરિયાદી જે આરોપીની લોન કે ચેક લગતના કંપની સાથેના વ્યહારની જાત માહીતી ન હોવાના કારણે તે સદર વ્યવહાર લગતની જુબાની આપવામાં માટે અધિકૃત નથી. લોનના વ્યવહાર અંગેની તેઓને કોઈ જાત માહીતી નથી. પાવર ઓફ એટર્ની સદર વ્યવહારનુ કોઈ પર્સનલ નોલેજ નથી.

વધુમાં ફરિયાદીએ આંક–૧૭ થી પાવર ઓફ એટર્નીની અટેસ્ટેડ કોપી રજુ કરેલ છે.આંક–૩૨ થી લોન એપ્લીકેશન ફોર્મની ટ્રુકોપી રજુ કરેલ છે.આંક–૩૪ થી હાઈપોથીકેશન કમ લોન એગ્રિમેન્ટના કરારની ટ્રુકોપી રજુ કરેલ છે.આંક–૩૫ થી ફાઈનલ ડેટાશીટ રજુ કરેલ છે જેમાં કંપનીના ઓથોરાઈઝ વ્યકિતના સહી કે સિક્કા નથી.

કોઈ પણ દસ્તાવેજો પુરવાર કરવા માટે પુરાવા અધિનિયમમાં જણાવેલ રીતે પુરવાર કરવો પડે. પુરાવા અધિનિયમની કલમ–૬૧

જોતાં કોઈ પક્ષકાર એમ માનતા હોય કે, તેણે રજુ કરેલ દસ્તાવેજને કોર્ટ પુરાવાકીય મૂલ્યાકંનમાં ધ્યાને લેતો જે તે દસ્તાવેજનો પ્રાથમિક પુરાવો રજુ કરવો પડે. જો પક્ષકાર જે તે દસ્તાવેજનો પ્રાથમિક પુરાવો આપી ન શકે તો તેને પુરાવા અધિનિયમ ની કલમ–૬૩ પ્રમાણે ગૌણ પુરાવાથી પુરવાર કરવાનો હોય છે. તેમજ ગૌણ પુરાવો કયારે આપી શકાય તે માટેની જોગવાઈ પુરાવા અધિનિયમ ની કલમ–૬૫ માં કરવામાં આવેલ છે.

In the case of 2011(1) G.L.H.586 (H.Siddiqui (dead)by Lrs. v. A. Ramalingam) held that, " Provision of section 65 of the act 1872 provide for the permitting the parties to adduce secondary evidence. However, such a course is subject to a large number of limitations. In a case where original documents are not produced at any time,nor, any factual foundation has been led for giving secondary evidence, it is not permissible for the Court to allow a party to adduce secondary.Thus, secondary evidence relating to the contents of a document is in admissible, until the non production of the original is accounted for, so as to bring it within one or other of the cases provided for in the section. The secondary evidence must be authenticated by foundation evidence that the alleged copy is in fact a true. Copy of the original. Mere admission of a document in evidence does not amount to its proof. Therefore, the documentary evidence is required to be proved in accordance with law. The court has an obligation to decide the question of admissibility of a document in secondary evidence before making endorsement thereon.(Para-10) In our humble opinion, the trial Court could not proceed in such an unwarranted manner for the reason that the respondent had merely admitted his signature on the photocopy of the power of attorney and did not admit the contents there of.More so, the court should have borne in mind that admissibility of a document or contents thereof may not necessary lead to drawing any inference unless the contents thereof have some

probative value. (Para-12)

આમ ઉપરોકત ચુકાદામાં પ્રતિપાદિત થયેલાં સિધ્ધાંતોને ધ્યાનમાં લેતા વાદીએ ગૌણ પુરાવા કાયદેસર રીતે રજુ કરેલા ન હોય ઝેરોક્ષ નકલ પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**૨૦.) કંપની દ્વારા વાહન સીઝ કરવામાં આવેલ છે.જેનો બચાવ:–**

૨૦.૧) આ કામે આરોપી તર્ફે એવો બચાવ છે કે, કંપની દ્વારા વાહન સીઝ કરવામાં આવેલ છે આ કામે ફરિયાદીએ આપેલ વ્હીકલ લોન લગત વ્હીકલ પણ પરત લઈ તેનુ વેચાણ કરી દીધેલ છે.

૨૦.૨) આ કામે ફરિયાદીની ઉલટતપાસ જોતાં જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, વાહન નં જી.જે.૦૧ એચ.ટી–૯૭૪૫ સીઝ અને સોલ્ડ કંપની દ્વારા કરવામાં આવેલ છે.એ વાત ખરી છે કે વાહન સીઝ કરવા સંબંધે આરોપને કોઈ પહોંચ આપેલ નથી.એ વાત ખરી છે કે સીઝ કરેલ વાહનની કંપની દ્વારા હરરાજી કરવામાં આવેલ.

૨૦.૩) સબબ કામે ઉપરોકત ફરિયાદી તથા આરોપી દ્વારા રજુ થયેલ પુરાવાનુ ગુણાંત્મક મુલ્યાંકન કરતાં, આ તબકકે તકરારી ચેક જે આંક: ૧૯ થી રજુ કરેલ છે. જે ચેકમાં લખેલી રકમ જોતાં, જે રૂા.૪,૮૨,૭૮૭અને ૨,૩૦,૦૦૦/–ની રકમ લખેલ છે. તેમજ આ કામે ફરિયાદીએ રજુ કરેલ આંક: ૧૮ નું સ્ટેટમેન્ટ જોતાં, જેમાં માત્ર કંપનીનો સીક્કો મારેલ છે.ઓથારાઈઝ વ્યકિતની સહી કરેલ નથી.વધુમાં લોન વાળા વાહનને સીઝ કરેલ તયારે આરોપીને નોટીસ બજાવેલ હોય તે હકિકત રેકર્ડ પર લાવેલ નથી.લોન વાળાની વાહનની હરરાજી કરી તે કેટલી રકમ ઉપજેલ તે હકિકત દર્શાવતો પુરાવો ફરિયાદપક્ષે રજુ કરેલ નથી.ફરિયાદીએ તેઓની જુબાનીમાં સીઝ એન સોલ્ડની કાર્યવાહીના પેપર્સ લગત કોઈ ડોક્યુમેન્ટ રજુ કરેલ નથી.ફરિયાદીએ તેની ઉલટતપાસમાં સદર લોન માટે આપેલ વ્હીકલ પરત લઈ તેનુ વેચાણ કરી દીધેલ છે.

૨૧) આ તબ્બકે નામ ગુજરાત હાઈકોર્ટના Narpat Motisingh Purohit Versus State Of Gujarat 2021 AIJEL_HC 244366 : 2022 (3) GLR 2056 માં ઠરાવેલ છે જે નીચે મુજબ છે.

> 10. Section 138 of the N.I. Act treats dishonoured cheque as an offence, if the cheque has been issued in discharge of any debt or other liability. The Explanation leaves no manner of doubt that to attract an offence u/s 138, there

> should be legally enforceable debt or other liability subsisting on the date of drawal of the cheque. The very fact that the Respondent has taken repossession of the vehicle and has also sold the said vehicle and the sale value of the said vehicle has also been adjusted for meeting the loan repayment, the agreement on the basis of which the postdated cheques were issued cannot be put for clearance for the reason that the Respondent by virtue of the two acts on their part; firstly, of taking possession of the vehicle and, secondly, of sale/auctioning the said vehicle, stood determined. Therefore, the cheques which have been subsequently put for clearance and got dishonoured would not fall within the ambit of legally enforceable debt or other liability.

આમ ફરિયાદી કંપની દ્બારા હાલની ફરિયાદ કરતાં પહેલા આરોપી દ્બારા લોનની રકમ ભરપાઈ ન થતાં વાહનને સીઝ અને સોલ્ડની પ્રક્રિયા કરેલ છે.આમ ઉપરોકત ચુકાદા મુજબ ફરિયાદી કંપનીને આરોપી પાસે કાયદેસરના લેણા પેટે નીકળતી રકમ બાબતે ફરિયાદ કરેલ હોવા લગત ની હકિકત પુરવાર કરી શકેલ નથી.

૨૨.) આ કામે ઉપરોકત રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો જોતાં, તેમજ કેસની હકિકત અને સંજોગોને ધ્યાને લેતાં, સદર કામે કામે ફરિયાદપક્ષે આરોપી પાસે કાયદેસરની લેણી રકમ મેળવવા હકકદાર હોવાનુ પુરવાર કરી શકેલ નથી.આરોપીનાઓ સદર ગુના લગત ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ: ૧૩૮ અન્વયે આવશ્યક તત્વો પુરવાર થતાં નથી. આમ, ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

૨૩.) આ કામે ઉપરોકત રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો જોતાં, તેમજ કેસની હકિકત અને સંજોગોને ધ્યાને લેતાં, સદર કામે કામે ફરિયાદપક્ષે આરોપી પાસે કાયદેસરની લેણી રકમ મેળવવા હકકદાર હોવાનુ પુરવાર કરી શકેલ નથી.આરોપીનાઓ સદર ગુના લગત ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ: ૧૩૮ અન્વયે આવશ્યક તત્વો પુરવાર થતાં નથી. આમ, ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-:: હુ ક મ ::-</u>**

૧.) આ કામે આરોપી સજજાદભાઇ મુસ્તુફાભાઈ શેખ રહે.: બાજપાઇ નગર,તા. પાટડી જી.સુરેન્દ્રનગર વાળા ઓને **બી.એન.એસ.એસ.ની કલમ: ૨૭૮(૨)** મુજબ ધી

નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ: ૧૩૮ ના ગુના સબબ શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨.) આરોપીના જામીન અને જામીન ખત રદૃ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩.) આ કામે આરોપીએ કીમીનલ પ્રોસીઝર કોડની કલમ: ૪૩૭ (એ) અન્વયે અપીલ સમયના જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.: ૨૪ મી માહે માર્ચ સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવ્યો.

તારીખ :૨૪/૦૩/૨૦૨૬

સ્થળ: સુરેન્દ્રનગર.

**(તૃપ્તિબેન અમૃતલાલ ભાડજા)**

ત્રીજા એડીશનલ સીનીયર સીવીલ જજ અને

એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,

સુરેન્દ્રનગર

**UIC No.GJ01399**